
# 27 રંગ

**હેતુ :** રંગ ચિત્રકલાનું મહત્ત્વનું અંગ છે. રંગો જુદા - જુદા ભાવ દર્શાવે છે. ચિત્રમાં જે ભાવ દર્શાવવો હોય તે મુજબના રંગોનો ઉપયોગ કરવો પડે છે. લાલ, પીળો અને વાદળી મૂળ રંગો પ્રથમ શ્રેણીના છે. આ રંગોના મિશ્રણથી બીજી શ્રેણી અને ત્રીજી શ્રેણીના રંગો બનાવી શકાય છે તેમજ આ રંગોમાં સફેદ કે કાળો રંગ વત્તા-ઓછા પ્રમાણમાં ઉમેરીને અનેક પ્રકારના વિવિધ રંગો બનાવી શકાય છે. રંગ ચક્ર દ્વારા રંગો અંગેની સમજ કેળવાશે. તેના ઉપયોગ અંગે કેટલીક માહિતી મેળવી શકાય છે.

**સાધનો :** જળ રંગો, કલર ડિશ, પિંછી, પાણી વગેરે....

અહીં રંગ-ચક્ર અને મેળવણીના રંગોની માહિતી છાપવામાં આવી છે તેનું અવલોકન કરો અને કલા-શિક્ષકની સૂચના મુજબ ડ્રોઈંગ કાગળમાં રંગ-ચક્ર અને મેળવણીના રંગોનો ચાર્ટ બનાવો.

**કાર્ય :** તમારી ચિત્રપોથીમાં પરીકરની મદદથી દર્શાવેલ આકૃતિ બનાવી તેમાં પ્રથમ અને દ્વિતીય શ્રેણીના જળ રંગો પુરવા.



**પ્રથમ શ્રેણીના રંગો**

લાલ    પીળો    વાદળી

**દ્વિતીય શ્રેણીના રંગો**

કેસરી (લાલ + પીળા)    જાંબલી (લાલ + વાદળી)    લીલો (વાદળી + પીળા)



